# બી. એ. (Fresh) સેમેસ્ટર-૧ પરીક્ષા-નવેમ્બર ૨૦૧૮
# ગુજરાત યુનિવર્સિટી ઍક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ

## સુચનાઓ ની પ્રીન્ટ લઈ, સાચવી રાખો

- નિયત ફી/લેઇટ ફી સાથે પરીક્ષા ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૭-૦૮-૨૦૧૮છે.
- ફોર્મગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.inઉપરથી મેળવી શકાશે.
- કોઇપણવિદ્યાશાખાના ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થી ફોર્મ ભરી શકશે.
- વિદ્યાર્થીએ ફોર્મમાં નામ/સરનામું કાળજી પુર્વક ભરવું (નામ ધોરણ ૧૨ના ગુણ પત્રક મુજબ જ લખવું).
- સૌપ્રથમ, યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર વિદ્યાર્થીએ નામની નોંધણીકરાવવી,જે પરીક્ષા આપવા ઇચ્છતા હોય, તેની વિગત સંપુર્ણપણે ફોર્મમાં ભરવાની રહેશે. સંપુર્ણપણે ભરેલ ફોર્મની પ્રિન્ટ લઇ સાથે જરુરી દસ્તાવેજો જોડીને પોસ્ટ ઑફિસમાં નિયત ફી ભરી, નિયત તારીખ સુધીમાં જમા કરાવવું.
- **પાછળથી વિષયો કે પરીક્ષા કેન્દ્ર બદલાવવા અંગેની વિનંતી કોઇ પણ સંજોગોમાં માન્ય કરવામાં આવતી નથી માટે ખૂબ કાળજીપૂર્વક વિષયો પરીક્ષા ફોર્મમાં ભરવા આવશ્યક છે અને પરીક્ષા ફોર્મમાં ભરેલા વિષયોની નોંધ પોતાની પાસે ખાસ રાખવી.**
- આપેલ વિષયોની યાદી(૧) **કૉર** (મુખ્ય) કોલમમા ંદર્શાવેલ વિષયો પૈકી કોઈ એક વિષયની પસંદગી કરવાની રહેશે તેવીજ રીતે (૨) **સબ્જેક્ટઇલેક્ટિવ-૧** (પ્રથમગૌણ) અને **સબ્જેક્ટઇલેક્ટિવ-૨** (દ્વિતીયગૌણ) કોલમમા ંદર્શાવેલ વિષયો પૈકી કોઈ એક વિષયની પસંદગી કરવાની રહેશે. (૩) કમ્પલસરી ઇન્ડિયન લેન્ગવેજમાં સંસ્કૃત અથવા પર્શિયન પૈકી એક ભાષા પસંદ કરવાની રહેશેં.
- **કૉર** (મુખ્ય), **સબ્જેક્ટઇલેક્ટિવ-૧** (પ્રથમગૌણ) અને **સબ્જેક્ટઇલેક્ટિવ-૨**(દ્વિતીયગૌણ) ત્રણેયમાં અલગ-અલગ વિષયોની પસંદગી કરવાની રહેશે.
- **દરેક વિદ્યાર્થીએ સિલેબસમાં આપ્યા પ્રમાણેના અભ્યાસક્રમ પ્રમાણેજ તૈયારી કરવાની રહેશે.**
- વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ અંગેની જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી જાતે મેળવી લેવી. યુનિવર્સિટીએ ઠરાવેલ અભ્યાસક્રમ મુજબ જ મજકૂર પરીક્ષા લેવામાં આવશે, જેની નોંધ લેશો. અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી મેળવી શકાશે.
- વિદ્યાર્થીજે પરીક્ષા કેન્દ્ર પરથી પરીક્ષા આપવા માંગતા હોય તે પરીક્ષા કેન્દ્રનું નામ પસંદ કરવું. ત્યારબાદ પરીક્ષા કેન્દ્ર બદલી આપવામાં આવશે નહીં.
- ફોર્મમા ંવિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝ-ફોટોગ્રાફ, સહી (10kb થી 50kb) તદુપરાંત છેલ્લે પાસ કરેલ પરીક્ષાનું ગુણપત્રક અને આધારકાર્ડ (100kb થી 400kb) અપલૉડ કરવા ફરજીયાતછે.
- ફોર્મ સંપુર્ણપણે ભરાઇ ગયા બાદ સેવએન્ડ સબમીટકર્યા બાદતેની પ્રીન્ટ લઈ, પોસ્ટ ઓફિસમાં ફોર્મ ઉપર દર્શાવેલ નિયત ફી સાથે જમા કરાવવું.
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે. (ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.)

  ૧) ધોરણ ૧૨ના ગુણપત્રકની સ્વ-પ્રમાણિત નકલ,

  ૨) ઑર્ડિ. ૧૭૪-ડી મુજબ જણાવેલી વ્યક્તિઓ પૈકી ગમેતે એક વ્યક્તિના જ સહી-સિક્કા પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ સ્થળે તમારી સહી સાથેના તેમજ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ઉપર કરાવવા. જો સહી-સિક્કા ન કરાવી શકાયતો તેની અવેજીમાંવિદ્યાર્થીએ પોતાના ફોટાની ઓળખ માટે નીચેની યાદીમાંથીકોઈ પણ એકની નકલ રજૂકરવાની રહેશે. (ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, આધાર કાર્ડ અથવા ફોટો-વાળી ધો. ૧૨ પરીક્ષાની રસીદની નકલ.)

  **O.174-D**:

  A candidate appearing at any external examination shall be required to affix on the space provided on the examination form his passport size photograph duly signed by him and certified by either(1)aGovernment Gazetted Officer or(2) Principal of the College affiliated to this University or (3) any other member of

the Court of this University, or (4) the Head Master of a recognized High School in the State of Gujarat.

૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ/કોલેજનું **અસલ** ના-વાંધા પ્રમાણપત્ર(NOC),

૪) અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે **અસલ** માઇગ્રેશન/ટ્રાન્સ્ફર પ્રમાણપત્ર રજુકરવું ફરજીયાતછે. જે વિદ્યાર્થીઓ બીજા બોર્ડમાંથી આવતા હોય તેમણે જેતે બોર્ડમાંથી **અસલ** માઇગ્રેશન/ટ્રાન્સફર સર્ટિફિકેટ ફોર્મની સાથેજ રજૂકરવું જરૂરી છે. ત્યાર બાદજ રજિસ્ટ્રેશન અંગે ઘટતી આગળની કાર્યવાહી થશે, જેની નોંધ લેશો.

૫) છેલ્લો અભ્યાસ કર્યા પછી, રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાં જો એક વર્ષ કે તેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો રૂ. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર **" આગળ અભ્યાસ કરેલ નથી"** તે બાબતનું સોગંદનામું રજુકરવુ.

- **ઉપરોક્ત દર્શાવેલ નિયમમાં કોઇજ અપવાદ નથી તેની ખાસ નોંધ લેવી. આ મુજબ કર્યેથી જ સેમેસ્ટર ૧ની પરીક્ષા માટે નામ નોંધી શકાશેતેની નોંધ લેશો.**
- પરીક્ષા શરૂ થવાના પાંચ દિવસ પહેલા બેઠક નંબર તથા બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષા ઍડમિટકાર્ડ યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી પ્રિન્ટ મેળવી લેવી.
- **સદર હુ પરીક્ષાનો બેઠક નંબર, સમયપત્રક તથા પરીક્ષા સ્થળની માહિતી દરેક વિદ્યાર્થીને ટપાલ દ્વારા મોકલવામાં આવશે નહીં જેની તમામ સંબંધક નોંધ લેવી.**
- **વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ, પરીક્ષાના કાર્યક્રમ, પરીક્ષા એડમિટકાર્ડ, બેઠક વ્યવસ્થા અંગેની જાણ ટપાલ મારફતે કરવામાં આવશે નહીં, આ જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી મેળવી લેવી.**
- બી.એ/બી.કૉમ. સેમેસ્ટર-૧ માટે ફી

૧. ગુજરાત બોર્ડ (GSEB)ના વિદ્યાર્થીઓ માટે

| | |
|---|---|
| ફોર્મ ફી | રૂ. ૫૦/- |
| પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત | રૂ. ૮૧૦/- |
| કુલ | રૂ. ૮૬૦/- |

૨. ગુજરાત બોર્ડ (GSEB) સીવાયના (CBSE, ICSE, વગેરે) બોર્ડના વિદ્યાર્થીઓ માટે

| | |
|---|---|
| ફોર્મ ફી | રૂ. ૫૦/- |
| પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત | રૂ. ૮૧૦/- |
| એલીજીબ્લિટી ફી | રૂ. ૧૧૦/- |
| કુલ | રૂ. ૯૭૦/- |

- યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર જે-તે અભ્યાસ માટે લાયકાતના ધોરણો મુકેલા છે. આવેદનપત્ર ભરતા પહેલા જે-તે અભ્યાસમાં પ્રવેશ માટેની લાયકાત ચકાસીનેજ ભરવા. જો આવેદનપત્ર ભર્યા બાદ વિદ્યાર્થી જે-તે અભ્યાસ માટેની લાયકાત નહીં ધરાવતા હોય, ફી અથવા વિગત અધુરીકે અપુર્ણ હશે અથવા સાથે જરૂરી દસ્તાવેજો સામેલ નહીં હોય કે અન્ય કોઇ ત્રુટી/ખામી હશે તો તે આવેદનપત્ર રદ્દ કરવાનો ગુજરાત યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહેશે તેમજ આ અંગે ભરેલી કોઇ ફી પરત કરવામાં આવશે નહીં.
- **ગુજરાત યુનિવર્સિટી ઍકસટર્નલ પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેના નિયમો અને માર્ગ-દર્શિકા મેં વાંચેલ છે, જે મને બંધનકર્તા રહેશે અને આવેદનપત્રમાં દર્શાવેલ વિગતો સાચી છે તેની હું બાંહેધરી આપું છું.**

**તારીખ :**

**સ્થળ :** ________________ વિદ્યાર્થીની સહી